# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 22-09-2024 Evening : 7.50 to 8.00
Day : Sunday National News

## આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

**************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું છે કે, વધતા જતા વૈશ્વિક તણાવને જોતાં ક્વાડ દેશોનાં સહિયારા લોકશાહી મૂલ્યો માનવતા માટે ખૂબ મહત્વનાં છે.
- પ્રધાનમંત્રી આજે મોડી રાત્રે ન્યૂયોર્કમાં ટોચની અમેરિકન કંપનીઓના સીઇઓ સાથે મુલાકાત કરશે અને આવતી કાલે અમેરિકાના પ્રવાસના અંતિમ દિવસે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠકને સંબોધિત કરશે.
- શ્રીલંકામાં યોજાયેલી પ્રમુખપદની ચૂંટણીમાં નેશનલ પીપલ્સ પાવરના અનુરા કુમારા દિસાનાયકેનો વિજય
- હંગેરીના બુડાપેસ્ટમાં રમાઈ રહેલી ચેસ ઓલમ્પિયાડમાં ભારતના અર્જુન એરીગૈસીએ સુવર્ણચંદ્રક જીતીને ઇતિહાસ સર્જ્યો
- ચેન્નઈમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતે બાંગ્લાદેશ સામે 280 રનથી ભવ્ય વિજય મેળવ્યો

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM US VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું છે કે, વધતા જતા વૈશ્વિક તણાવને જોતાં ક્વાડ દેશોનાં સહિયારા લોકશાહી મૂલ્યો માનવતા માટે ખૂબ મહત્વનાં છે. શ્રી મોદીએ એમ પણ જણાવ્યું કે, ક્વાડ લાંબા ગાળાનું ભાગીદાર જૂથ રહેશે અને દ્વિપક્ષીય વૃધ્ધિ અને સ્થિરતા માટે ભારત-પ્રશાંત દેશો સાથે જોડાણ માટે તૈયાર છે.

પ્રધાનમંત્રી મોદીની વર્તમાન ત્રણ દિવસની અમેરિકાની મુલાકાતની મુખ્ય ફળશ્રુતિ અંગે વિદેશ સચિવ વિક્રમ મિસરીએ પત્રકાર પરિષદમાં આમ જણાવ્યું હતું.

અમેરિકાના ડેલાવેરમાં ક્વાડ જૂથનાં નેતાઓનાં શિખર સંમેલનમાં પ્રધાનમંત્રી મોદીએ મુક્ત, ખુલ્લા, સમાવેશી અને સમૃધ્ધ એશિયા-પ્રશાંત ક્ષેત્ર માટે ક્વાડની પ્રતિબધ્ધતા પર ભાર મૂક્યો. શ્રી મોદીએ જણાવ્યું કે, ક્વાડ સમિટ એવા સમયે યોજાઈ રહી છે, જ્યારે વિશ્વ તણાવ અને સંઘર્ષથી ઘેરાયેલું છે.

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ એવી પણ જાહેરાત કરી હતી કે ભારત 2025માં ક્વાડ નેતાઓનાં શિખર સંમેલનનું યજમાન બનશે.

ક્વાડ સંમેલન પૂર્વે પ્રધાનમંત્રીએ અમેરિકન પ્રમુખ જો બાઇડેન સાથે દ્વિપક્ષીય મંત્રણા કરી હતી અને બંને દેશો વચ્ચેનાં સંબંધોને વધુ મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો. તેમણે જાપાનના પ્રધાનમંત્રી કુમિયો કિશિદાને મળીને દ્વિપક્ષીય સહકારના વિસ્તરણ પર ચર્ચા કરી હતી. શ્રી મોદીએ ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બાનીઝ સાથે પણ મુલાકાત કરી હતી અને ભારત-ઓસ્ટ્રેલિયા સર્વગ્રાહી વ્યૂહાત્મક ભાગીદારીને ઊંડી બનાવવા પોતાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

એક મહત્વપૂર્ણ સાંસ્કૃતિક આદાનપ્રદાનમાં, અમેરિકાએ ભારતને 297 ચોરાયેલી કળાકૃતિઓ પરત કરી છે. આ કલાકૃતિઓ ટૂંક સમયમાં ભારતને સુપ્રત કરવામાં આવશે.

દરમિયાન, પ્રધાનમંત્રી મોદી આજે ન્યૂયોર્ક પહોંચ્યા હતા, જ્યાં તેઓ આજે રાત્રે આધુનિક ટેકનોલોજીમાં જોડાણને પ્રોત્સાહન આપવા માટે ટોચની અમેરિકન

કંપનીઓના સીઇઓ સાથે મુલાકાત કરશે. ત્યારબાદ શ્રી મોદી ન્યૂયોર્કમાં ભારતીય સમુદાયને સંબોધન કરશે.

અમેરિકાના પ્રવાસના અંતિમ દિવસે આવતી કાલે શ્રી મોદી ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં 'સમિટ ઓફ ધ ફ્યુચર'ને સંબોધિત કરશે. સમિટની થીમ છે- ‘વધુ સારી આવતીકાલ માટે બહુપક્ષીય ઉકેલો’. તેઓ અલગથી વૈશ્વિક નેતાઓને મળીને મહત્વનાં આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મુદ્દાઓ અંગે દ્વિપક્ષીય બેઠકો પણ યોજશે.

## SIGN LAUGUAGE DAY

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય હેઠળનું ભારતીય સાંકેતિક ભાષા સંશોધન અને તાલીમ કેન્દ્ર આવતીકાલે નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસની ઉજવણી માટે કાર્યક્રમનું આયોજન કરશે. આ કાર્યક્રમની અધ્યક્ષતા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડો. વીરેન્દ્ર કુમાર કરશે. સાંકેતિક ભાષાઓ દ્વારા સર્જાતી એકતા અને તેને ભાષાકીય અને સાંસ્કૃતિક વૈવિધ્યનાં આવશ્યક ભાગ તરીકે જાળવી રાખવાની જરૂરિયાત પર ધ્યાન કેન્દ્રીત કરવા આ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ વર્ષનાં આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસની વિષય વસ્તુ છે- "સાંકેતિક ભાષાનાં અધિકારો માટે પ્રતિબધ્ધ થાવ.”

## WORLD FOOD INDIA

વર્લ્ડ ફૂડ ઈન્ડિયા 2024નું આજે નવી દિલ્હીમાં સમાપન થયું. ભારત મંડપમ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં લગભગ 90 દેશો, 26 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો, 18 કેન્દ્રીય મંત્રાલયો અને સંબંધિત સરકારી સંસ્થાઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ફૂડ પ્રોસેસિંગમાં વૈશ્વિક કેન્દ્ર તરીકે ભારતની ઉભરતી ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ખાધ પ્રક્રિયા ક્ષેત્રમાં નવીનીકરણ,  ટેક્નોલૉજી, સાતત્યતાની

રજૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમની આ ત્રીજી આવૃત્તિમાં 40થી વધુ સત્રો યોજાયા હતા.

## SRILANKA NEW

શ્રીલંકામાં યોજાયેલી પ્રમુખપદની ચૂંટણીમાં નેશનલ પીપલ્સ પાવર-NPPનાં અનુરા કુમારા દિસાનાયકેનો વિજય થયો છે. કોઇ ઉમેદવારને જીતવા માટે જરૂરી 50 ટકા મત ન મળતા બીજા તબક્કાની મતગણતરી કરવામાં આવી હતી. વિરોધપક્ષના નેતા સાજિથ પ્રેમાદાસા બીજા ક્રમ રહ્યા હતા. વર્તમાન પ્રમુખ રાનીલ વિક્રમસિંઘે પણ હારી ગયા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

. . . . . . . . . . . . . .

## ADANI AIRPORT

અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડે રવિવારે જણાવ્યું હતું કે, દેશભરનાં વિમાનમથકોએ લોંજ ખાતે સેવાઓ ઝડપથી પૂર્વવત બને તે માટે કંપની બેન્કો સાથે સક્રિય રીતે કામ કરી રહી છે. એરપોર્ટ લોંજમાં સેવામાં અવરોધ ઊભો થતાં કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે તે એરપોર્ટ લોંજ ખાતે તમામ મહત્વનાં ડેબિટ અને ક્રેડિટ કાર્ડ સ્વીકારી રહી છે. અદાણી એરપોર્ટના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, કેટલીક બેન્કો સાથે ભાગીદારી ધરાવતી લોંજ એક્સેસ પ્રોવાઇડર ડ્રીમફોક્સ સર્વિસિસ લિમિટેડે સર્વિસ એગ્રીમેન્ટનો ભંગ કરીને અચાનક સેવાઓ સ્થગિત કરતા આ સમસ્યા સર્જાઈ

છે. વચગાળાની વ્યવસ્થા તરીકે અદાણી જૂથ દ્વારા સંચાલિત વિમાનમથકો હવે તમામ મોટાં ડેબિટ અને ક્રેડિટ કાર્ડ સ્વીકારી રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ મુંબઇ, અમદાવાદ,લખનઉ, મેંગલુરૂ, જયપુર, ગુવાહાટી અને થિરુવનંતપુરમ વિમાનમથકનું સંચાલન કરે છે.

## CHESS

હંગેરીના બુડાપેસ્ટમાં રમાઈ રહેલી ચેસ ઓલમ્પિયાડમાં ભારતે પ્રથમ સુવર્ણચંદ્રક મેળવીને ઇતિહાસ સર્જ્યો છે. અર્જુન એરીગેસીએ સ્પર્ધાના અંતિમ રાઉન્ડમાં સર્બિયાના જેન સુબેલ્જને હરાવ્યા હતા. આ સાથે FIDE રેન્કિંગ્સમાં અર્જુન વિશ્વમાં ત્રીજા ક્રમે પહોંચી ગયા છે. 2797 પોઇન્ટ સાથે તેઓ સૌથી ઊંચો રેન્ક ધરાવતા ભારતીય ચેસ ખેલાડી બન્યા છે. ભારતના ગુકેશે પણ વ્લાદિમીર ફેડોસીવને હરાવ્યા હતા.

## CRICKET BAGLADESH

ચેન્નઈમાં રમાયેલી ટેસ્ટ શ્રેણીની પ્રથમ મેચમાં ભારતે બાંગ્લાદેશ સામે 280 રનથી ભવ્ય વિજય મેળવ્યો છે. આ સાથે ભારત 2 મેચની શ્રેણીમાં એક–શૂન્યથી આગળ છે. 515 રનના મુશ્કેલ લક્ષ્યાંકનો પીછો કરતાં બાંગ્લાદેશ ચોથા દિવસે તેની બીજી ઇનિંગમાં માત્ર 234 રન બનાવી ઑલ-આઉટ થઈ ગયું હતું. ભારત તરફથી આર અશ્વિને 6 વિકેટ લઈ જીતમાં મહત્વનો ફાળો આપ્યો હતો.

ગઈકાલે ત્રીજા દિવસના અંતે બાંગ્લાદેશે 4 વિકેટ ગુમાવીને 158 રન બનાવ્યા હતા. જ્યારે ભારતે શુબમન ગિલ અને ઋષભ પંતની સદીઓની મદદથી ત્રીજા દિવસે 4 વિકેટ ગુમાવી 287 રન પર દાવ ડિકલેર કર્યો હતો.

## DAY IMD-WEATHER

હવામાન વિભાગે આવતી કાલથી મધ્ય, ઉત્તર-પૂર્વ અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં અનેક ભાગોમાં છુટાછવાયા વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે સોમવારથી ચાર દિવસ માટે વિદર્ભ, છત્તીસગઢ, મધ્યપ્રદેશમાં

કેટલાંક સ્થળોએ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. આ ઉપરાંત, આવતીકાલથી નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં સાત દિવસ સુધી, આસામ અને મેઘાલયમાં શુક્રવાર સુધી અને બિહારમાં બુધવાર સુધી છુટાછવાયા વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે આગામી બે દિવસ મરાઠવાડામાં અને મંગળવારથી શુક્રવાર દરમિયાન મધ્ય મહારાષ્ટ્ર, કોંકણ અને ગોવામાં છુટાછવાયા વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે.

દરમિયાન, બિહારમાં ગંગા અને અન્ય નદીઓનું જળ સ્તર વધતાં પૂરની ગંભીર સ્થિતિ યથાવત છે. પટણા, બેગુસરાઈ, સારણ, મુંગેર જિલ્લાનાં 10 લાખ લોકોને અસર થઈ છે.

**DELHI -AAM AADMI PARTY**

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને દિલ્હીના મુખ્યમંત્રી આતિશી સહિત આમ આદમી પાર્ટીના ટોચના નેતાઓએ આજે નવી દિલ્હીમાં જંતર-મંતર ખાતે જાહેર સભાને સંબોધી હતી. શ્રી કેજરીવાલે કહ્યું કે તેમણે નૈતિક કારણોસર મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યું છે. તેમણે કહ્યું કે તેમને સત્તાનો કોઈ લોભ નથી અને તેમની સરકારે પોતાના કાર્યકાળ દરમિયાન સંપૂર્ણ પ્રામાણિકતા સાથે કામ કર્યું છે.  શ્રી કેજરીવાલે કેન્દ્ર સરકાર પર સરકારી એજન્સીઓના દુરુપયોગનો આરોપ લગાવ્યો. બીજી તરફ ભારતીય જનતા પાર્ટીએ આમ આદમી પાર્ટીની જાહેરસભાને નાટક ગણાવ્યું હતું. ઉત્તર-પશ્ચિમ દિલ્હીના ભાજપના સાંસદ યોગેન્દ્ર ચંદોલિયાએ જણાવ્યું હતું કે આ અરવિંદ કેજરીવાલનું બીજું નાટક છે. તેમણે આરોપ લગાવ્યો કે આમ આદમી પાર્ટી દિલ્હીમાં આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ બધું કરી રહી છે. તેમણે કહ્યું કે કેજરીવાલ સામે આરોપો ઘડવામાં આવ્યા છે, માત્ર કેસ પેન્ડિંગ છે. દરમિયાન, દિલ્હી કોંગ્રેસના પ્રમુખ દેવેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે કેજરીવાલને તેમના પદ પરથી રાજીનામું

આપવાની ફરજ પડી હતી કારણ કે કોર્ટે તેમના પર નિયંત્રણો લાદ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે આમ આદમી પાર્ટીના ઘણા નેતાઓ ભ્રષ્ટાચારના આરોપમાં જેલમાં ગયા છે અને કેજરીવાલે તેનો જવાબ આપવો પડશે.

## CONSUMER AFFAIRS REFUND

સરકારે દેશભરની વિવિધ કોચિંગ સંસ્થાઓમાં UPSC સિવિલ સર્વિસિસ, IIT અને અન્ય પ્રવેશ પરીક્ષાઓમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને એક કરોડ રૂપિયાથી વધુનું રીફન્ડ આપ્યું છે.

ગ્રાહક બાબતોના વિભાગે આજે જણાવ્યું હતું કે 656થી વધુ વિદ્યાર્થીઓએ નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈન-1915 પર તેમની ફરિયાદો નોંધીને કોચિંગ સેન્ટરો અને ખાનગી સંસ્થાઓ પાસેથી રિફંડનો દાવો કર્યો હતો.. ગ્રાહક બાબતોના વિભાગના સચિવ નિધિ ખરેએ જણાવ્યું હતું કે સરકાર ગ્રાહકોના અધિકારોની રક્ષા માટે સમર્પિત છે. તેમણે ઉમેર્યું હતું કે આ કાર્યવાહી કોચિંગ સંસ્થાઓ નીતિ નિયમોનું પાલન કરે અને ગ્રાહકોના અધિકારોનું સન્માન કરે તે સુનિશ્ચિત કરવા સરકારની પ્રતિબદ્ધતા સૂચવે છે.

## FII INVESMENT

વિદેશી સંસ્થાકીય રોકાણકારો - **FII**એ સપ્ટેમ્બર મહિનામાં અત્યાર સુધી ભારતીય શેરબજારમાં 34 હજાર કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. ડિપોઝીટરી ડેટા પ્રમાણે ફોરેન પોર્ટફોલિયો ઇન્વેસ્ટર્સ FPI એ ઇક્વિટી બજારમાં 33 હજાર 691 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે પણ ઋણ બજારમાંથી 245 કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા હતા. આ વર્ષે વિદેશી રોકાણકારોએ ભારતીય મૂડી બજારોમાં એક લાખ 80 હજાર કરોડ રૂપિયાનું ચોખ્ખું રોકાણ કર્યું છે. વર્ષ 2024માં એફપીઆઇએ ઇક્વિટીમાં 76 હજાર 572 કરોડ અને ઋણમાં એક લાખ 8 હજાર 662 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે.